**હળવદના મે. એડી.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની અદાલત,**
**મુ. હળવદ(એન.જી.સુરતી )GJ-00711**

---

**ફોજદારી પરચુરણ અરજી નં.–૨૫૮/૨૦૨૫**

**હળવદ પો. સ્ટે. સી–પાર્ટ ગુ.ર.નં. ૧૧૧૮૯૦૦૧૨૫૦૯૬૨**

---

**હરેશભાઈ હીરાભાઈ સનુરા, ઉ.વ.૩૭, ધંધો–મજુરી,**

**રહે. જુના ઘાંટીલા, તા.માળીયા, જી.મોરબી.**

**..........અરજદાર**

**::વિરુધ્ધ::**

**શ્રી સરકાર** **.........સામાવાળા**

---

**બી.એન.એસ.એસ.ની કલમ ૪૯૭ મુજબ મુદ્દામાલ પરત મેળવવા અરજી લગત હુકમ**

---

(1) સદર કામે હાલના અરજદારે ઉપરોકત ગુન્હાના કામે કબજે લેવામાં આવેલ મુદ્દામાલ વાહન **મહિન્દ્રા કંપનીની બોલેરો કેમ્પર ગાડી જેનો રજી. નં. જી.જે. વી. ૬૫૪૮**નો વચગાળાનો કબજો મેળવવા હાલની આ અરજ ગુજારેલ છે.

(2) અરજદારની અરજી, રજુ થયેલા દસ્તાવેજી પુરાવા, પોલીસ પેપર્સ, રજુ થયેલ પંચનામું તથા મુદ્દામાલ પાવતી વંચાણે લીધી તેમજ પોલીસ અભિપ્રાય વંચાણે લીધો. અરજદારના વિ.વ.શ્રી તથા વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા.

(૩) અરજદારે પોતાની અરજી રજુ કરી જણાવેલ છે કે, તેઓની માલિકીની વાહન **મહિન્દ્રા કંપનીની બોલેરો કેમ્પર ગાડી જેનો રજી. નં. જી.જે. વી. ૬૫૪૮**નો હળવદ પોલીસ સ્ટેશનના પ્રોહીબીશન એકટની કલમઃ ૬૫(ઈ)(એફ), ૯૮(૨), ૮૧ મુજબના ગુનાના કામે કબ્જે કરેલ છે. અરજદારે સદરહુ મુદ્ધામાલ પોતાના અંગત કામ માટેનું સાધન હોવાનું જણાવેલ છે અને સદરહુ મુદ્ધામાલ પરત મેળવવા વિનંતી કરેલ છે તેમજ સદરહું મુદ્ધામાલ પોતાની માલિકીનું હોવા બાબતે અરજદારે આધાર કાર્ડની નકલ, આર.સી.સ્માર્ટ કાર્ડની નકલ, બેંકનું નો–ઓબજેકશન સર્ટીફીકેટ, આરોપીની નો–કલેઈમ પુર્સીસ તથા એફ.આઈ.આર.ની નકલ રજુ કરેલ છે.

(4) આ કામે વિ.એ.પી.પી.શ્રી દ્ધારા સખત વિરોધ કરેલ છે અને સદરહુ મુદ્ધામાલ પરત આપવા સામે તેઓને વાંધો છે અને દલીલ કરતાં જણાવેલ છે કે, ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૯૮(૨) મુજબ વચગાળાની કસ્ટડીથી વાહન આ તબકકે આપી શકાય નહી અને સરકારશ્રીએ આ પ્રકારના વાહનોને જપ્ત કરવાની સુચના આપેલ છે અને **ગુજરાત પ્રોહીબીશન (દારૂના નમુના અને જપ્ત કરેલ દારૂનો જથ્થો નકકી કરવા બાબતના) નિયમો ૨૦૧૨ સંબંધી જાહેરનામું ગૃહ વિભાગ સચિવાલય, ગાંધીનગરનું તા.૦૮/૦૮/૧૨ ના રોજ પ્રસિદ્ધ થયેલ રૂલ્સ–૯ માં સ્પષ્ટ જણાવેલ છે કે,**

**<u>દશ લિટર કરતાં વધુ જથ્થો હોય ત્યારે વાહન જપ્ત કરવા બાબત</u>**

*અધિનિયમ હેઠળ શિક્ષાપાત્ર કોઈ ગુનામાં સંબંધમાં જપ્ત કરેલ*

*દારૂનો જથ્થો દશ લિટર કરતાં વધુ હોય ત્યારે એવા દારૂની હેરફેર માટેનું વાહન અથવા તબદીલી વાહન અધિનિયમની કલમ ૯૮ ની પેટા કલમ(૨) ની જોગવાઈઓ અનુસાર સરકાર દાખલ થવાને પાત્ર થશે.*

(5) આ કામે ત.ક.અ.એ રજુ કરેલ મુદ્ધામાલ અંગેના અભિપ્રાયમાં કબજે કરેલ મુદ્ધામાલ અરજદારને પરત નહી સોંપવો તેવો અભિપ્રાય આપેલ છે.

(6) ઉપરોકત બંનેપક્ષની રજુઆતો અને દલીલ સાંભળી, જવાબ તેમજ કેસ પેપર્સ, રેકર્ડ ધ્યાને લીધા. વધુમાં આ કામે અરજદારના વિ.વ.શ્રી તર્ફે અરજીના સમર્થનમાં રજુ થયેલ ચુકાદાઓ વંચાણે લીધા. જે તમામ ગુજરાત પ્રોહીબીશન એકટના નિયમ ૨૦૧૯માં થયેલ સુધારાઓ ધ્યાને લેતાં હાલના કેસને લાગુ પડતા નથી.

ઉપરોકત બંને પક્ષની રજુઆત તથા અરજદાર તરફે રજુ થયેલ તમામ દસ્તાવેજી આધાર જોતાં સદર અરજીના નિર્ણય સુધી પહોંચવા માટે કાયદાનો લાગુ પ્રોવીઝન એટલે કે ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૯૮(૨) ની ચર્ચા કરી લેવી અગત્યની છે.

"Sec. 98 (2) : Any receptacle package or covering in which any of the article liable to confiscation under sub-section (1) is found and the other contents of such receptacle, package or covering and the animals, carts, vessels or other conveyances used in carrying any such article shall likewise be liable to confiscation by the order of the Court <u>but it shall not be released on bond</u>

or surety till the final judgment of the Court where the quantity of the seized liquor is exceeding the quantity as may be prescribed by the rules."

(7) આમ, કાયદાની ઉપરોક્ત જોગવાઈ અનુસાર મુદ્દામાલ છોડવો કે નહી છોડવો એ ગુનાના કામે કબજે કરેલ માદક પદાર્થના જથ્થાની માત્રા ઉપર નિર્ભર કરે છે. જેના માટે ગુજરાત સરકાર દ્વારા Notification no.GG/20/2012/VDR/ 102009/2091/E-1, Dated 8.8.2012 માં કલમ–૧૪૩(૩) માં સત્તા વાપરવા અંગે નિયમ બનાવવામાં આવેલ છે જે Gujarat Prohibition (Liquor Samples and Determination of Quantity Seized Liquor) Rules, 2012 ના નિયમ–૯ માં નીચે મુજબ જોગવાઈ છે.

"Rule 9 : Seizure of vehicles when quantity more than ten liters:- Where the quantity of liquor seized is **more than ten liters** in respect of any offence punishable under the Act, the vehicle or conveyance carrying such liquor shall be liable to confiscated in accordance with the provisions of sub-section (2) of section 98 of the Act."

ગુજરાત રાજ્ય નોટીફીકેશ No. GG/65/2019/VDR/10/2009/2061/E-1માં સુધારો કરવામાં આવેલ છે તે ધ્યાને લઈએ તો In the Gujarat Prohibiton (Liquor

Samples and Determination of Quantity Seized Liquor) Rules, 2012, in rule 9, for the words "ten liters", the words "twenty liters" shall e substituted. આમ, ઉપરોકત નોટીફીકેશન Rule-9 જોઈએ તો તેમાં સુધારો થતા જથ્થાની માત્રા ૧૦ લીટરની જગ્યાએ ૨૦ લીટર કરવામાં આવેલ છે.

(૮) આમ, બંને જોગવાઈઓ ધ્યાને રાખીએ તો કબજે કરવામાં આવેલ માદક પદાર્થની માત્રા ૧૦ લીટરથી વધારે હોય તો કોઈપણ વાહન ગુનામાં સંડોવાયેલ હોય તો તેને આખરી નિકાલ ના આવે ત્યાં સુધી છોડી શકાય નહી. વધુમાં આ બાબતમાં નામદાર ગુજરાત હાઈકોર્ટના નવીનતમ ચુકાદો ધ્યાને લઈએ તો નામદાર ગુજરાત હાઈકોર્ટે પરેશ કુમાર જયકરભાઈ બ્રહ્મભટ વી. સ્ટેટ ઓફ ગુજરાત, તા.૧૫/૧૨/૧૭ ના ચુકાદામાં ઠરાવેલ છે કે,

"65. My final conclusion is that Section 98 (2) of the Act, 1949 curtails the power of the Magistrate to order interim release of the seized vehicle under Sections 451 or 457 of the Cr.P.C, as the case may be. The Courts below will have no jurisdiction to order interim release pending the trial of the seized vehicle in connection with the offence under the Act, 1949, if the quantity of the liquor recovered exceeds 10 litres in quantity.

66. The Legislature in its wisdom has prescribe a methodology to deal with the prohibitionoffences,

seizure, confiscation, release, etc. Once such a procedure is prescribed, the Courts have to examine the rights of the parties in accordance with the procedure so prescribed. I am unable to hold that the Magistrate and Revisional Court have committed any error in rejecting the applications preferred by the respective applicants under Sections 451 or 457 of the Cr.P.C. In view of the provisions of Section 98(2) of the Act, 1949, the general provisions laid down in Sunderbhai Ambalal Desai vs. State of Gujarat [JT (2002) 10 SC 80] cannot be pressed into service for release of vehicle from the Court of Magistrate."

(૭) આમ, ઉપર કરેલ કાયદાની ચર્ચા મુજબ હાથ પરના કેસની હકીકત જોઈએ તો આ કામે પોલીસ પેપર્સ અને એફ.આઈ.આર. ધ્યાને લેતા કબજે કરવામાં આવેલ દારૂની માત્રા નિયમ−૦૯ માં બતાવેલ ૨૦ લીટર માત્રાથી વધારે છે. આમ, સ્પષ્ટ જોગવાઈ ધ્યાને રાખતા સદરહું અરજી મંજુર કરવી ન્યાયીક જણાતી ન હોય, ન્યાયના હિતમાં નીચે મુજબના હુકમ કરવામાં આવેલ છે.

**:: હુકમ ::**

અરજદારની સદર ગુનાના કામે કબ્જે કરેલ મુદ્દામાલ−વાહન **મહિન્દ્રા કંપનીની બોલેરો કેમ્પર ગાડી જેનો રજી. નં. જી.જે. વી. ૬૫૪૮** વચગાળાની કસ્ટડીએ પરત મેળવવાની અરજી આથી **નામંજુર** કરવામાં

આવે છે.

હુકમ આજ રોજ તા.૦૯મી માહે:માર્ચ સને ૨૦૨૬ના રોજ હળવદ મુકામે ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

હળવદ.

તા.૦૯/૦૩/૨૦૨૬

( નિમિષા ગંગારામભાઈ સુરતી)
એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ, હળવદ.
કોડ નં.જી.જે.૦૦૭૧૧.

*H.D.Lakum*
*Steno.*